સંદેશ, પાના નંબર, ૧૮.
તારીખ :- ૨૦/૦૨/૨૦૨૬.

**શહેર પોલીસ કમિશનરનું જાહેરનામું**

# મેટ્રો ટ્રેનને લગતા ગુનાની ફરિયાદ હવે પાલડી, ખોખરા પોલીસ સ્ટેશનમાં નોંધાશે

## મુસાફરોને હવે પોલીસ સ્ટેશનની હદ શોધવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે

| અમદાવાદ |

અમદાવાદ શહેરમાં મેટ્રો ટ્રેનમાં મુસાફરોની સુરક્ષા અને મેટ્રોની મિલકતને લગતા ગુનાઓ માટેની ફરિયાદો હવે પાલડી અને ખોખરા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવશે. શહેરમાં મેટ્રોના ૬૦ કિ.મી.લાંબા બંને કોરિડોરમાં અનેક પોલીસ સ્ટેશનો આવે છે ગુના સંબંધિત કોઈપણ ફરિયાદ માટે મુસાફરોએ જેતે પોલીસ સ્ટેશનની હદ જાણવા અને ફરિયાદ નોંધાવવા ધક્કા ખાવા ન પડે તે માટે શહેર પોલીસ કમિશનરે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૨ હેઠળ જાહેરનામું બહાર પાડીને ઉપરોક્ત વ્યવસ્થા કરી છે.

સેક્ટર-૧ હેઠળ આવતા ઝોન-૧, ૨, ૩ અને ઝોન-૭ ના વિસ્તારોમાં બનતી મેટ્રો સંબંધિત ઘટનાઓ માટે પાલડી પોલીસ સ્ટેશનને સત્તા સોંપાઈ છે. આ વિસ્તારોમાં વસ્ત્રાપુર, સોલા, નારણપુરા, નવરંગપુરા, એલિસબ્રિજ, વાસણા, વેજલપુર, બોડકદેવ, સેટેલાઈટ, ચાંદખેડા, રાણીપ, સાબરમતી, કાલુપુર, શાહપુર, ખાડિયા સહિતના વિસ્તારો આવી જશે. તેવી જ રીતે સેક્ટર-૨ હેઠળ આવતા ઝોન-૪, ૫ અને ઝોન-૬ ના વિસ્તારોમાં મેટ્રોને લગતા ગુનાઓ માટે ખોખરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી શકાશે. આમાં દરિયાપુર, શાહીબાગ, એરપોર્ટ, નરોડા, બાપુનગર, ગોમતીપુર, રખિયાલ, અમરાઈવાડી, નિકોલ, ઓઢવ, મણિનગર, વટવા, દાણીલીમડા, નારોલ સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે.

જાહેરનામા મુજબ મેટ્રો ટ્રેનમાં થતી ચોરી, ઝપાઝપી, છેડતી, અશ્લિલ વર્તન સહિતની ઘટનાઓ તેમજ મેટ્રોના પ્લેટફોર્મ, બિલ્ડિંગ, ઈલેક્ટ્રિક વાયર અથવા મિલકત સંબંધિત ગુનાઓની ફરિયાદો બંને પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવશે. જોકે પ્લેટફોર્મ બહાર કે સામન્ય વિસ્તારમાં થતી ઘટનાઓ માટે જેતે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાશે.